# ઘરે શીખીએ

## ધોરણ ૧

**જુલાઈ, ૨૦૨૦**




વિદ્યાર્થીનું નામઃ ______________________________

વાલીનું નામઃ ________________ મોબાઈલ નંબરઃ ______________

શાળાઃ ______________________________

ગામ/શહેરઃ ______________________________


શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

GCERT
Gandhinagar

## નિર્માણ પ્રક્રિયાના સહયોગી


| | |
|---|---|
| **સંકલ્પના અને માર્ગદર્શન** : | શ્રી પી. ભારતી, IAS<br>નિયામકશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર<br>ડૉ. ટી. એસ. જોષી<br>નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર |
| **સંયોજન** : | શ્રી પાર્થેશ પંડ્યા, આઈટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર |
| **લેખન** : | શ્રીમતી બિંદુબા ઝાલા, બ્રહ્મદીપ ટ્રસ્ટ, રાજપુર<br>ડૉ. અમૃતા બધેકા; શ્રી પાર્થ તેરૈયા; શ્રી પાર્થેશ પંડ્યા; શ્રીમતી શિવાની જૈન<br>આઈટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર |
| **પરામર્શન** : | શ્રી હરેશભાઈ ચૌધરી, રીચ ટુ ટીચ, ગાંધીનગર<br>શ્રી હિરેનભાઈ વ્યાસ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારી<br>શ્રી નીતિનભાઈ દલવાડી, જી.સી.ઈ.આર.ટી. |
| **ડીઝાઈન** : | ચારકોલ ધ સ્ટુડીઓ, અમદાવાદ |
| **સહયોગ** : | જી. સી. ઈ. આર. ટી; સમગ્ર શિક્ષા અભિયાન; યુનિસેફ, ગાંધીનગર |



© ૨૦૨૦ જી. સી. ઈ. આર. ટી; સમગ્ર શિક્ષા અભિયાન, યુનિસેફ; આઈટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર



આવૃત્તિ- જુલાઈ ૨૦૨૦, ગુજરાત


## પ્રસ્તાવના

નમસ્કાર વાલી મિત્રો,

ઘરે શીખીએ કાર્યક્રમના બીજા સંપુટને આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવીએ છીએ. આશા રાખીએ કે પહેલો સંપુટ આપને પસંદ પડ્યો હશે. આપના બાળકને પણ તેમાં આપેલી પ્રવૃત્તિ કરવાની મજા આવી હશે.

કેટલીક પ્રવૃત્તિઓ એકથી વધારે વાર કરવાની થશે.

આ સંપુટમાં આપણે ૧ થી ૫ અંકોનો પરિચય અને લેખન કરીશું. તે જ રીતે ‘ગ’, ‘મ’, ‘ન’, ‘જ’ આ ચાર અક્ષરનો પરિચય તથા લેખન કરાવવાનું થશે. કાનાવાળા શબ્દો શીખવાની શરૂઆત પણ આ માસથી જ થશે. ઉપરાંત ગણિતમાં નાનું - મોટું, ઉપર – નીચે, દૂર - નજીક પણ બાળકને શીખવાનું થશે. આ સંપુટમાં બે વાર્તા અને ત્રણ ગીતો મૂક્યાં છે. જેના ક્યૂઆર કોડ (QR Code) પ્રવૃત્તિની સાથે જ તે પાનાં પર મૂકાયેલા છે.

બાળક ગીતો ગાતાં થાય, વાર્તાઓ કહેતાં થાય, જે જુએ છે તે વિષે બોલતાં થાય તે ખૂબ જરૂરી છે. બાળક જે શબ્દો વાંચે તેના અર્થ પણ જાણે તે પર ખાસ ધ્યાન આપજો.


બાળકની શીખવાની પ્રક્રિયાના અનુભવો તેના શિક્ષકોને ફોન કરી જણાવશો તો તેમને જરૂર ગમશે. કોઈ મુશ્કેલી પડે, અટકો તો પણ શિક્ષકને ફોન કરી માર્ગદર્શન લેજો.

આપના બાળકના આનંદમય શિક્ષણ માટે હાર્દિક શુભેચ્છાઓ.

| પ્રવૃત્તિ ક્રમ | પ્રવૃત્તિનું નામ | સામગ્રી | કેટલા દિવસ કરશે? | વિષય | બાળક આ પ્રવૃત્તિથી શું શીખશે? |
|---|---|---|---|---|---|
| ૧. | ફુગ્ગાનું બાળગીત | સ્માર્ટ ફોન | ૩ | ભાષા | જોડકણાં અને ગીતો ગાતા શીખશે. |
| ૨. | તોરણ બનાવીએ | ગુંદર, છાપાં, કાતર, જાડો દોરો | ૫ | ગણિત | ૧ થી ૧૦ અંકોની સમજ વિકસે. |
| ૩. | તફાવત શોધો | પેન્સિલ | ૧ | પર્યાવરણ | ચિત્રને સમજવાની શરૂઆત થાય. |
| ૪. | રસ્તો શોધો | પેન્સિલ | ૧ | ગણિત – ભાષા | તર્કશક્તિ વધે. |
| ૫. | અંક – રંગપૂરણી | મીણિયા કલર | ૧ | ગણિત | એકથી પાંચ અંકોની ઓળખ થાય. |
| ૬. | અંકલેખન | પેન્સિલ | ૨ | ગણિત | એકથી પાંચ અંકો લખતાં શીખે. |
| ૭. | પાણી ભરીએ | નાની વાટકી કે પ્યાલી, તપેલી, પ્યાલો, થાળી, ડોલ, પાણી, પેન્સિલ | ૨ | ગણિત | એકથી પાંચ અંકોનું દૃઢીકરણ થાય. એકાગ્રતા, અને કદની પ્રાથમિક સમજ વિકસે. |
| ૮. | ચકીબેનનું ગીત | સ્માર્ટ ફોન, મીણિયા કલર | ૩ | ભાષા અને ગણિત | જોડકણાં અને ગીતો ગાતાં શીખશે. આકારોની ઓળખ થાય. |
| ૯. | અક્ષર ઓળખીએ | મીણિયા કલર | ૧ | ભાષા | ગ, મ, ન, જ, નો પરિચય થાય. |
| ૧૦. | ચાલો લેખન કરીએ – ૧ | પેન્સિલ | ૪ | ભાષા | ગ, મ, ન, જ, નું લેખન કરતાં શીખે. |
| ૧૧. | ચાલો લેખન કરીએ – ૨ | પેન્સિલ | ૩ | ભાષા | 'ા' કાનાનો પરિચય થાય તથા તેનું લેખન કરે. |
| ૧૨. | ઊંટની વાર્તા | સ્માર્ટ ફોન | ૪ | ભાષા | અંદર-બહાર તથા નાનું-મોટુંની સમજ કેળવે. |
| ૧૩. | ગીત – અજબ જેવી વાત છે | સ્માર્ટ ફોન | ૪ | પર્યાવરણ | શરીરનાં વિવિધ અંગોના કાર્ય વિષે સમજ કેળવે. |
| ૧૪. | ચાંદો પકડયો | સ્માર્ટફોન | ૩ | ભાષા – પર્યાવરણ | વાર્તા સમજતાં અને કહેતાં શીખે. |
| ૧૫. | ટીનુ અને ફુગ્ગા | સ્માર્ટફોન | ૩ | ભાષા | વાર્તા સમજતાં અને કહેતાં શીખે. |
| ૧૬. | રંગપૂરણી | મીણિયા કલર | ૧ | ભાષા | આંગળાની કેળવણી થાય તથા રંગોનો પરિચય થાય. |

## અનુક્રમણિકા



| | | |
|---|---|---|
| ૧ | ફુગ્ગાનું બાળગીત | ૦૫ |
| ૨ | તોરણ બનાવીએ | ૦૫ |
| ૩ | તફાવત શોધો | ૦૬ |
| ૪ | રસ્તો શોધો | ૦૭ |
| ૫ | અંક – રંગપૂરણી | ૦૮ |
| ૬ | અંક લેખન | ૦૯ |
| ૭ | પાણી ભરીએ | ૧૦ |
| ૮ | ચકીબેનનું ગીત | ૧૧ |
| ૯ | અક્ષર ઓળખીએ | ૧૨ |
| ૧૦ | ચાલો લેખન કરીએ – ૧ | ૧૩ |
| ૧૧ | ચાલો લેખન કરીએ – ૨ | ૧૪ |
| ૧૨ | ઊંટની વાર્તા | ૧૫ |
| ૧૩ | ગીત – અજબ જેવી વાત છે | ૧૬ |
| ૧૪ | ચાંદો પકડ્યો | ૧૭ |
| ૧૫ | ટીનુ અને ફુગ્ગા | ૧૭ |
| ૧૬ | રંગપૂરણી | ૧૮ |

# પ્રવૃત્તિ ૧ ફુગ્ગાનું બાળગીત

**સામગ્રીઃ સ્માર્ટ ફોન**

જો આપની પાસે સ્માર્ટ ફોન હોય તો ક્યુ.આર. કોડ સ્કેન કરી આપના બાળકને ફુગ્ગાનું બાળગીત બતાવો. રોજ એકવાર બતાવવાથી તેને એ ગીત ગાતાં આવડી જશે. અને જો સ્માર્ટ ફોન ન હોય તો નીચે આ ગીત આપેલ છે તે વાંચીને સંભળાવવું. ગીતો ગાવાથી બાળકમાં આત્મવિશ્વાસ વધે છે.




કોઈ પાળે કુરકુરિયું ને કોઈ પાળે ગાય,
એ ભાઈ ભાઈ ભાઈ મેં તો ફુગ્ગો પાળેલ છે.
ફુગ્ગામાંથી બને કબૂતર, ફુગ્ગામાંથી ચક્કો,
ફુગ્ગામાંથી બનતો જોકર, એની માથે ટક્કો,
દોરી સાથે બાંધું તો અધ્ધર અધ્ધર જાય.
એ ભાઈ ભાઈ ભાઈ મેં તો ફુગ્ગો પાળેલ છે.
લાકડી ઉપર બાંધું તો મારી સાઈકલ સ્કૂટર થાય,
ખિસ્સામાં મૂકું તો છાનોમાનો સુઈ જાય.
એ ભાઈ ભાઈ ભાઈ મેં તો ફુગ્ગો પાળેલ છે.

https://www.youtube.com/watch?v=R129Cm27Pw8

# પ્રવૃત્તિ ૨ તોરણ બનાવીએ

**સામગ્રીઃ ગુંદર, છાપાં, કાતર, જાડો દોરો**



- સૌ પ્રથમ એક છાપું લઈ તેમાથી લંબચોરસ કે ત્રિકોણ આકારનાં ૧૦ પતાકા કાપો. અને તેની એક બાજુ વાળી દેવી જેથી બાળકને તોરણ બનાવવામાં સરળતા રહે.
- હવે બાળકને જાડો દોરો આપો. જો જાડો દોરો ન હોય તો પાતળો દોરો બેવડો કરી દેવો.
- હવે પતાકાના વાળેલા ભાગ પર બાળકને ગુંદર લગાવવા કહો. તે પતાકાને દોરા પર ચોંટાડવા કહો. આ રીતે દસે દસ પતાકા લગાવવા કહો. તોરણ બની જાય એટલે એકવાર ૧ થી ૧૦ પતાકા ગણાવો.
- તોરણને ઘરે કોઈ જગ્યાએ લટકાવો જેથી બાળક પોતાના સર્જનને જોઈ આનંદ લઈ શકે.
- આ રીતે પાંચ દિવસ આ પ્રવૃત્તિ કરાવો. જેથી બાળક પાસે કુલ પાંચ તોરણ અને પચાસ પતાકા હશે. શક્ય હોય તો વાલીએ પતાકા ઉપર ૧ થી ૧૦ અંક લખવા.


https://www.youtube.com/watch?v=I3ZKu324srM


# પ્રવૃત્તિ ૩ તફાવત શોધો

**સામગ્રીઃ પેન્સિલ**

અહીં એક સરખાં બે ચિત્ર આપેલાં છે. તેમાં કુલ પાંચ તફાવત છે. બાળકને તે શોધવા કહો. તે શોધી લે એટલે તેના પર પેન્સિલથી વર્તુળ કરવા કહો. શરૂઆતમાં બાળકને તફાવત શોધતાં ન આવડે તેવું બને, તો શરૂઆતમાં થોડું માર્ગદર્શન આપો. આ પ્રવૃત્તિથી બાળકોમાં સરખામણી કરવાની આવડત કેળવાય છે.

અહીં બે ખાનામાં સરખા દેખાતાં એવા ત્રણ ત્રણ ચિત્રો આપેલાં છે.








## પ્રવૃત્તિ ૪ રસ્તો શોધો


**સામગ્રીઃ પેન્સિલ**

બાળકને નીચે આપેલી ભૂલભૂલામણીમાં રસ્તો શોધવાનું કહો. બાળકને સમજાવો કે જ્યાં રસ્તો બંધ હોય ત્યાં આગળ ન જઈ શકાય. જો રસ્તો બંધ થાય તો જ્યાં રસ્તો હોય તે દિશામાં જવાય. થોડા પ્રયત્નો પછી તેને રસ્તો શોધવાની ફાવટ આવી જશે. આ પ્રવૃત્તિથી બાળકને જુદી જુદી સંભાવના શોધવાની ટેવ પડવાની શરૂઆત થાય.










## પ્રવૃત્તિ ૫ અંક – રંગપૂરણી

**સામગ્રીઃ મીણિયા કલર**

અહીં આપેલા અંકમાં બાળકને રંગ પૂરવા કહો. સાથે સાથે અંકની ઓળખ કરાવો કે આ ૧ છે, આ ૨ છે, ...... આ ૫ છે. અહીંથી આપણે બાળકને ૧ થી ૫ અંકની ઓળખાણ કરાવીશું.



## પ્રવૃત્તિ ૬

# અંક લેખન

**સામગ્રીઃ પેન્સિલ**

અહીં અંક લેખન કરાવવાનું છે. નીચે ત્રુટક ત્રુટક રેખામાં અંક લખેલા છે. તેના પર પેન્સિલથી બાળકે અંકો લખવાનો મહાવરો કરવાનો છે.

બાળકને જેટલું ગમે તેટલુ જ અંક લેખન કરાવવું. બાકીનું ફરી તેની ઇચ્છાએ કરાવવું. આમ કરવાથી તેને કંટાળો નહીં આવે અને ૧ થી ૫નું અંક લેખન કરતાં પણ શીખી જશે.

૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧

૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧

૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨

૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨

૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩

૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩

૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪

૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪

૫ ૫ ૫ ૫ ૫ ૫ ૫ ૫ ૫ ૫

૫ ૫ ૫ ૫ ૫ ૫ ૫ ૫ ૫ ૫


## પ્રવૃત્તિ ૭ પાણી ભરીએ

**સામગ્રીઃ નાની વાટકી કે પ્યાલી, નાની તપેલી, પ્યાલો, થાળી, ડોલ, પાણી, પેન્સિલ**


બાળકને ઉપર મુજબની વસ્તુ ભેગી કરવા કહો. આ પ્રવૃત્તિ માટે ચોકડી કે ફળિયા જેવી જગ્યા પસંદ કરો જેથી ભીનું થાય તો વાંધો ન આવે. હવે બાળકને કહો કે ડોલમાંથી નાની વાટકી વડે પ્યાલામાં પાણી રેડીને ભરે. કેટલી વાટકી પાણી નાખ્યું ત્યારે પ્યાલો ભરાયો તે ગણે. પ્યાલાના ચિત્ર નીચે નોંધે. એજ રીતે થાળી અને નાની તપેલીને ભરે. દરેક ચિત્રની નીચે કેટલી વાટકી થઈ તે નોંધે. બાળકને અંક લખતાં ન આવડતું હોય તો તમે લખી આપજો. આ પ્રવૃત્તિ દ્વારા બાળકને વાસણની ગુંજાશની (પાણી સમાવવાની ક્ષમતાની) ખબર પડશે.



પ્યાલામાં ________ વાટકી પાણી સમાયું



થાળીમાં ________ વાટકી પાણી સમાયું



નાની તપેલીમાં ________ વાટકી પાણી સમાયું

https://www.youtube.com/watch?v=6Ov2doiudJ0

# પ્રવૃત્તિ ૮ ચકીબેનનું ગીત

**સામગ્રીઃ સ્માર્ટ ફોન, મીણિયા કલર**

સ્માર્ટ ફોનથી અહીં આપેલ QR કોડ સ્કેન કરી આપના બાળકને ચકીબેનનું ગીત બતાવો. જો સ્માર્ટ ફોન ન હોય તો નીચે આ ગીત આપેલું છે, તે વાંચી કે ગાઈ સંભળાવો. બાળકને આ ગીત ગાવું ગમશે. તે પછી અહીં ચકલી જે જે આકાર પર બેઠી છે તે આકારોમાં રંગ પૂરવા બાળકને કહો.


ચકીબેન ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહીં આવશો કે નહીં

બેસવાને પાટલો, સુવાને ખાટલો, ઓઢવાને પીછાં આપીશ તને, આપીશ તને. ચકીબેન... ચકીબેન

પહેરવાને સાડી, મોરપીંછાવાળી, ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને, આપીશ તને. ચકીબેન... ચકીબેન

ચક ચક કરજો, ચીં.. ચીં... કરજો, ચણવાને દાણા આપીશ તને, આપીશ તને. ચકીબેન... ચકીબેન

બા નહીં વઢશે, બાપુ નહીં વઢશે, નાનો બાબો તને ઝાલશે નહીં, ઝાલશે નહીં... ચકીબેન... ચકીબેન




https://www.youtube.com/watch?v=7S6JSpWk42c

## પ્રવૃત્તિ ૯ અક્ષર ઓળખીએ


**સામગ્રીઃ મીણિયા કલર**

અહીં કેટલાંક અક્ષરજૂથ છે. તે દરેકની ઉપર એક અક્ષર લખ્યો છે. દા.ત. પહેલા જૂથની ઉપર લખેલ 'ગ' છે. તો બાળકને એ જૂથમાં જેટલા 'ગ' હોય તે બધાં વર્તુળમાં પીળો રંગ કરવા કહો. હવે બીજા જૂથ ઉપર 'મ' લખેલો હોય તો તે જૂથના બધાં 'મ' પર લાલ રંગ કરે. આ રીતે 'ન' અને 'જ' માટે પણ કરે. બાળકને અક્ષરની ઓળખ કરાવવી.


ગ





મ




જ




ન




## પ્રવૃત્તિ ૧૦

# ચાલો લેખન કરીએ – ૧

**સામગ્રીઃ પેન્સિલ**

અહીંથી અક્ષર લેખન શરુ થાય છે. બાળકને ગ, મ, ન, જ અક્ષર લખવાના છે. તે માટે નીચે આપેલા અક્ષરો પર લખવા કહેવું. તમે જોશો કે એક મૂળાક્ષરનો કેટલોક ભાગ દોરેલો છે, જ્યારે કેટલોક ભાગ ત્રુટક છે. ત્રુટક ભાગ પર દોરવાનું છે. બાળકને એક સાથે બધુ ન લખાવતાં થોડું થોડું લખાવવું.



# પ્રવૃત્તિ ૧૧ ચાલો લેખન કરીએ – ૨

**સામગ્રીઃ પેન્સિલ**

અહીં ગ, મ, ન, જ અક્ષરથી બનતા કેટલાંક શબ્દો આપેલ છે. સાથે 'આ' ની માત્રા એટલે કે કાનો પણ શીખવીશું. માટે કાનાવાળા શબ્દો લખાવીએ. બાળક જ્યારે જે શબ્દ વાંચે ત્યારે તેનો અર્થ પણ સમજાવવો. જેમ કે 'મગ' એટલે એક કઠોળ અને 'જગ' પાણી ભરવાનું વાસણ. આમ કરવાથી તેને વાંચેલ શબ્દ સમજાશે પણ ખરો. જે ખૂબ જરૂરી છે.

| | | |
|---|---|---|
| મગ | ગાજ | જગાન |
| મન | મા | મગાન |
| નમ | માગ | નાગ |
| જગ | માન | નામ |
| જમ | ના | જા |
| જન | ગગન | જાગ |
| જજ | ગમન | જામ |
| ગા | નમન | જાન |
| ગામ | મનન | મામા |
| ગાન | મગજ | નાના |

# પ્રવૃત્તિ ૧૨ ઊંટની વાર્તા

**સામગ્રીઃ સ્માર્ટ ફોન**

બાળકને અહીં આપેલ QR કોડ સ્કેન કરીને ઊંટની વાર્તા બતાવો. આ વાર્તા તેમના ગણિતના પાઠ્યપુસ્તકના પહેલા પાના પર જ આપી છે. આ સાથે નાનું- મોટું, ઉપર નીચે, દૂર નજીક વગેરે પણ આગળના પાનાઓમાં આપેલ છે. વાર્તામાં એ મુદ્દાઓ પણ લીધા છે. જો વાર્તા સ્માર્ટફોનમાં બતાવી શકો તો આ બધું બાળક ત્યાંથી શીખશે. જો ફોન ન હોય તો  નીચે વાર્તા આપેલી છે તે કહો. ઘરની વસ્તુઓથી જ તેમને નાનું- મોટું- દૂર-નજીક અને ઉપર નીચે શીખવવું. આ બધી બાબતો ગણિત માટે પાયાની વસ્તુ છે તેથી તમારું બાળક તે બરાબર શીખે તે જરૂરી છે.

એક અરબ હતો. તેની પાસે એક ઊંટ હતું. શિયાળાનો દિવસ હતો. અરબ ઊંટની પીઠ પર બેસી ફરવા જઈ રહ્યો હતો. દૂર રેતીના ઢગલા હતા. રાતના અરબે તંબુ બાંધ્યો અને તેની અંદર ગયો. ઊંટને બહાર રહેવા દીધું. ઊંટ તંબુની નજીક બેસી ગયો.

ઊંટે કહ્યું, ‘ બહાર ખૂબ જ ઠંડી છે. શું હું મારી ડોક અંદર લઉં?

અરબે કહ્યું, ‘ હા, તું તારી ડોક અંદર લે. પણ જો જે હોં મારો તંબુ નાનો છે.”

થોડી વાર પછી ઊંટ બોલ્યું કે, “બહાર તો ખૂબ ઠંડી છે. શું હું મારા આગળના પગ અંદર લઉં?”

અરબે કહ્યું, ‘ હા, તારા આગળના પગ અંદર લઇ લે.”

થોડી વાર પછી ઊંટ બોલ્યું, “બહાર તો ખૂબ ઠંડી છે. શું હું અંદર આવી જાઉં?”

અરબે કહ્યું, “ના... ના... આ તંબૂ તો ઘણો નાનો છે.”

અરબ પાસે બીજો એક નાનો તંબુ હતો. અરબ તેમાં જતો રહ્યો. ઊંટ મોટા તંબુમાં આવી ગયો.

હવે અરબ નાના તંબુમાં અને ઊંટ મોટા તંબુમાં આરામથી સુઇ ગયા.

https://www.youtube.com/watch?v=VN4KrbxiQ5Q

# પ્રવૃત્તિ ૧૩ ગીત – અજબ જેવી વાત છે

**સામગ્રીઃ સ્માર્ટ ફોન**

અહીં આપેલ QR કોડ સ્કેન કરી બાળકને અજબ જેવી વાત છે ગીત બતાવો. આ ગીતમાં બાળકને આંખ-નાક-કાન-મોઢું-હાથ અને પગનાં કામ શું છે તે શીખવવાનું છે. જો આપની પાસે સ્માર્ટ ફોન ન હોય તો નીચે આ ગીત આપેલ છે. તે જોઈ વાંચી કે ગાઈને સંભળાવવું. પછી કયા અંગનું શું કામ છે તે અંગે પ્રશ્ન પૂછવા.

નાની મારી આંખ, એ જોતી કાંક કાંક,
એ તો કેવી અજબ જેવી વાત વાત છે,

નાક મારું નાનું, એ સુંઘે ફૂલ મજાનું,
એ તો કેવી અજબ જેવી વાત છે,

નાના મારા કાન, એ સંભાળે દઈ ધ્યાન,
એ તો કેવી અજબ જેવી વાત છે,

નાનું મોઢું મારું, એ બોલે સારું સારું,
એ તો કેવી અજબ જેવી વાત છે,

આંગળી મારી લપટી, એથી વગાડું ચપટી,
એ તો કેવી અજબ જેવી વાત છે,

નાના મારા હાથ એ તાળી પડે સાથ,
એ તો કેવી અજબ જેવી વાત છે,

પગ મારા નાના, એ ચાલે છાનામાના,
એ તો કેવી અજબ જેવી વાત છે,
એ તો કેવી અજબ જેવી વાત છે,
એ તો કેવી અજબ જેવી વાત છે.

**ચર્ચા માટેનાં પ્રશ્નો**

- ૧. આપણાં કયાં કયાં અંગો અજબ જેવાં છે?
- ૨. ફૂલને સુંઘવા તમે કયા અંગનો ઉપયોગ કરો છો?
- ૩. પગથી તમે શું શું કરો છો?
- ૪. જેને હાથ ન હોય તે કેવી રીતે પોતાનાં કામો કરશે?

https://www.youtube.com/watch?v=x0C6PIXsZB0

# પ્રવૃત્તિ ૧૪ ચાંદો પકડ્યો

**સામગ્રીઃ સ્માર્ટ ફોન**

અહીં આપેલી વાર્તા બાળકને ત્રણેક દિવસ સુધી વારંવાર કહો. અને પછી અપેક્ષા એવી છે કે બાળક આ વાર્તા જાતે કહે.

એક જંગલ હતું. જંગલમાં વાંદરાનું એક ટોળું રહે. વાંદરાઓ આખો દિવસ એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદાકૂદ કરે. જંગલમાં આમતેમ ફરતા રહે. ફળો ખાઈને પેટ ભરે.

ટોળામાં થોડાં બચ્ચાં હતાં. બચ્ચાં તો બસ તોફાન જ કરે. ડાળી પર ઊંધાં લટકે. એકબીજાની પૂંછડી ખેંચે. એકબીજાને ટપલી મારે. હૂપાહૂપ કરી મુકે. અંધારું થાય તો પણ જંપે નહીં.

એક દિવસની વાત છે. ચાંદની રાત હતી. તળાવ કાંઠે એક ઝાડ હતું. ઝાડ પર બધા વાંદરાઓ ઊંઘતા હતા. એક તોફાની બચ્ચું જાગતું હતું. એણે તળાવમાં ગોળ મોટો ચાંદો જોયો. એને બીજાં બચ્ચાંને ધીમેથી જગાડ્યાં. બધાંને થયું કે આ તો મોટું ફળ ! પણ એને બહાર કાઢવું કેવી રીતે ?

એક બચ્ચાને યુક્તિ સૂઝી. તે ઝાડની ડાળી પકડીને ઊંધુ લટક્યું. તેની પૂંછડી પકડીને બીજું બચ્ચું લટક્યું. આમ, એક પછી એક પૂંછડી પકડીને લટકવા લાગ્યાં. છેલ્લું બચ્ચું પાણી સુધી પહોંચી ગયું. એ ચાંદાને પકડે એ પહેલાં ઉપરના બચ્ચાની હાથની પકડ છૂટી ગઈ ! બધાં જ ધબાક કરતાં પાણીમાં પડયાં.

**હવે નીચે પ્રમાણે પ્રશ્ન પૂછો.**

૧. તમે વાંદરો જોયો છે?
૨. વાંદરાનાં બચ્ચાં શું શું કરે?
૩. તમે ઘરમાં શું શું તોફાન કરો છો?
૪. તમે નાહવાની ડોલ ભરી હોય તેમાં જોયું છે? તેમાં શું શું દેખાયું હતું?

# પ્રવૃત્તિ ૧૫ ટીનુ અને ફુગ્ગા


**સામગ્રીઃ સ્માર્ટ ફોન**

અહીં ટીનુ અને ફુગ્ગાની વાર્તા માટેનો QR કોડ આપેલો છે. તેને તમારા મોબાઈલ વડે સ્કેન કરી બાળકને સ્માર્ટ ફોનમાં ‘ટીનુ અને ફુગ્ગા’ વાર્તા દેખાડો. રોજ એક વાર દેખાડશો તો તેને વાર્તા યાદ રહી જશે. તે પછી તે વાર્તા તે ઘરના સભ્યોને કહે તેવું ગોઠવવું.

https://www.youtube.com/watch?v=wffXBXwX5tY

## પ્રવૃત્તિ ૧૬ રંગ પૂરણી

**નીચે આપેલા ચિત્રમાં બાળકને મનગમતાં રંગો પૂરવા કહો અને ચિત્રમાં શું કેટલું દેખાય છે તે ગણી અને નીચેની જગ્યામાં લખવા કહો.**



**સૂરજ __________, પહાડ __________, ઝાડ __________, વાદળ __________, પથ્થર __________**

## મારી દિનચર્યા (આ પત્રક વાલીએ ભરવું)

| તારીખ | “ઘરે શીખીએ”ની પ્રવૃત્તિ કરી (સમય) | ભણવાના વિડીઓ જોયા (સમય) | રમત-ગમત અને કસરત (સમય) | શિક્ષક સાથે ફોન પર વાત થઇ (જે દિવસે વાત થઇ હોય ત્યાં ખરાની નિશાની કરવી) |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

unicef

ItoWE
Development Foundation

419-A, Block B, Siddhraj Zori, Sargasan crossroad, Gandhinagar-382421, Gujarat, India, info@itowe.in I www.itowe.in